
બાળવિજ્ઞાન
પ્રસ્તુત

માનવમાંથી મહામાનવ
(નીલ) સીરીઝ-૨

# સાચી જીત







# ત્રિમંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં ॥ ૧ ॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ૨ ॥
ૐ નમઃ શિવાય ॥ ૩ ॥
જય સચ્ચિદાનંદ





# પ્રસ્તાવના

બાળમિત્રો, નીલને તમે ભૂલી તો નહીં જ ગયા હો. સાતમા ધોરણનું એનું યાદગાર વેકેશન. યાદગાર એટલા માટે કે એ વેકેશનમાં એને પૂજ્ય દાદાશ્રીનો ભેટો થયો હતો. આ પછી એના જીવનમાં થયેલું પરિવર્તન અને નવા નવા અનુભવો ભૂલ્યા તો નથી ને?

હવે વેકેશન પૂરું થઇ ગયું છે. નીલ આઠમા ધોરણમાં આવ્યો. સ્કૂલમાં એને કેવા કેવા અનુભવો થાય છે? ફ્રેન્ડઝ- ટીચર્સ સાથે એને કેવું ફાવે છે? દરેક પ્રસંગે એ દાદા પાસેથી મળેલી સમજણને કેટલી ગોઠવી શકે છે? એના પરિણામો શું આવે છે? પોતાની ભૂલોમાંથી એ કેવી રીતે બહાર નીકળે છે?

તો ચાલો જોઇએ, નીલની સ્કૂલ લાઇફને, આ દ્વિતિય સિરીઝમાં.

- જય સચ્ચિદાનંદ

**પ્રકાશક:**
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૯૭૯, ૨૭૫૪૦૪૦૮.

E-mail:info@dadabhagwan.org
Website: www.dadabhagwan.org

© : All Rights Reserved - Mahavideh Foundation
Address as above

**મુદ્રક :**
મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડીવીઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ- ૧૪. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪.

**પ્રાપ્તિ સ્થાન :**
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે,
અડાલજ, જી. ગાંધીનગર-૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

**E-mail :** balvignan@dadabhagwan.org
**Website :** kids.dadabhagwan.org

**પહેલી આવૃત્તિ :** ૬૦૦૦ કોપી, ઓગષ્ટ : ૨૦૦૮
**મૂલ્ય :** ભારત રૂા. ૩૦, ૩ USD, ૨ GBP

# સાચી જીત



# અનુંક્રમણિકા


| | |
|---|---|
| નવો વિદ્યાર્થી | ૧ |
| ઈર્ષાનું બીજ | ૭ |
| સ્પર્ધા | ૧૨ |
| અણસમજણનું પરિણામ | ૧૭ |
| અદ્ભૂત સ્વપ્ન | ૨૩ |
| અલૌકિક પ્રાયશ્ચિત | ૨૮ |




# નવો વિદ્યાર્થી

'ટન... ટન... ટન... ટન' સ્કૂલનો બેલ વાગ્યો. ગ્રાઉન્ડમાં ઊભેલા બધા વિદ્યાર્થીઓ પોતપોતાના કલાસ તરફ દોડ્યા. નવો કલાસ, નવા ટીચર્સ, નવા ચોપડા, બધું જ નવું. ફકત મિત્રો એના એ જ. નીલ, યશ અને તનુ કલાસમાં દાખલ થયા. નીલ અને યશ એક બેન્ચ પર બેઠા. તનુ એની ફ્રેન્ડ નીકી સાથે બેઠી. બીજા બધા વિદ્યાર્થીઓ પણ બેન્ચ પર ગોઠવાઈ ગયા. કલાસમાં ખૂબ ઘોંઘાટ હતો. બધા એકબીજા સાથે વેકેશન દરમ્યાન કરેલી મજાની વાતો કરતા હતા. થોડીવારમાં પાઠક સર કલાસમાં દાખલ થયા. એમને જોઈને બધા વિદ્યાર્થીઓના મોઢા બગડી ગયા. 'ગુડ મોર્નિંગ' કહી બધા પોતપોતાની જગ્યા પર ઊભા રહ્યા. સરે હાસ્ય સાથે વિદ્યાર્થીઓનું અભિવાદન ખુશી ખુશી ઝીલતા કહ્યું, 'વેરી વેરી ગુડ મોર્નિંગ. પ્લીઝ, બધા બેસી જાવ.'

પાઠક સર કડક ટીચરોમાંના એક હતા. આખી સ્કૂલમાં એ 'ખડૂસ સર' તરીકે જાણીતા હતા. પોતાનો પરિચય આપ્યા બાદ એ બોલ્યા, 'હું તમારો બીજગણિતનો વિષય લેવાનો છું.' આ સાંભળી અંદર અંદર ધીમી ગુસપુસ ચાલુ થઈ ગઈ, 'ઓહ નો ! તો તો બીજગણિતમાં ફેઈલ જ થયા સમજો.'

'સાયલન્સ પ્લીઝ(શાંતિ જાળવો)' સરે ડસ્ટર બેન્ચ પર ખખડાવી જરા મોટા અવાજે કહ્યું. આખો કલાસ ચૂપ થઈ ગયો. નીલે યશ સાથે ગુસપુસ ચાલુ જ રાખી, 'અરે યાર, આપણું તો વરસ બગડ્યું. આખું વરસ બોરિંગ જશે.'

સર આ સાંભળી ગયા. એમણે નીલ સામે જોયું પણ કશું બોલ્યા નહીં. સરે આખા કલાસ તરફ જોઈને બોલવાનું શરૂ કર્યું, 'આઠમું ધોરણ એ એસ.એસ.સી.નો પાયો ગણાય. પાયો મજબૂત હશે તો એસ.એસ.સી.માં સારા માર્કસ લાવી શકશો. ગણિત તો સ્કોરીંગ સબ્જેકટ છે. ચાલો, બધા પોતપોતાના નામ સાથે સાતમા ધોરણમાં ગણિતમાં કેટલા માર્કસ આવ્યા તે વારાફરતી કહો.' આટલું કહી સર ખુરશી પર બેસી ગયા. બધા પોતપોતાના માર્કસ કહેવા લાગ્યા. નીલનો વારો આવ્યો.


'મારું નામ નીલ છે. મને ગણિતમાં ૯૦ માર્કસ આવ્યા હતા.' નીલે ઊભા થઈને કહ્યું.

નીલને એમ કે સર એને શાબાશી આપશે પણ સરે જાણે

સાંભળ્યું ન હોય એમ આગળના છોકરા તરફ નજર ફેરવી લીધી. નીલ ઢીલા મોઢે બેસી ગયો. બધાનો વારો આવતો ગયો. એમાં સૌથી છેલ્લે બેઠેલો છોકરો ઊભો થયો અને બોલ્યો, 'મારું નામ રોહન છે. હું સરસ્વતી વિદ્યામંદિર સ્કૂલમાંથી આવ્યો છું. મને સાતમા ધોરણમાં ગણિતમાં ૯૮ માર્ક્સ આવ્યા છે.'

આખો ક્લાસ એક સાથે આ નવા આવેલા વિદ્યાર્થી તરફ જોઈ રહ્યો. સરે ખુશ થતાં કહ્યું, 'બહુ જ સરસ. ચાલો આપણે બધા રોહનને તાળીઓ દ્વારા અભિનંદન આપીએ.'

આખા ક્લાસે ખુશ થતાં થતાં તાળીઓ પાડી. ફક્ત નીલના મોઢા પર જરાય આનંદ ન હતો. આખા ક્લાસમાં નીલના ગણિતમાં



સૌથી વધુ માર્કસ હતા. પણ રોહનના કારણે એનો નંબર બીજો થઈ ગયો. બધા રોહનને 'હોંશિયાર છોકરા' તરીકે જોવા લાગ્યા. નીલના મગજમાં રોહન પ્રત્યે ઈર્ષ્યાનો ફણગો ફૂટ્યો. ત્યાં તો બેલ વાગ્યો. પિરીયડ પૂરો થયો. 'સારું, આપણે કાલથી ભણવાનું શરૂ કરીશું.' સર ખુરશી પરથી ઉઠતાં ઉઠતાં બોલ્યા. ચોપડી લઈ એ કલાસની બહાર નીકળી ગયા. એક પછી એક બધા પિરીયડ પૂરા થયા. સ્કૂલ છૂટતા જ બધા આજુબાજુના કલાસમાં કોને કયા વિષયમાં કયા ટીચર આવ્યા છે એની વાતો કરતાં કરતાં ઘરે ગયા.

બીજા દિવસે કલાસમાં રોહન બધા સાથે ભળતો થયો. બધા એને સામેથી બોલાવતા હતા. નીલ, યશ અને તનુ કલાસમાં આવ્યા.

રોહનને જોતાં જ યશ અને તનુએ રોહનને હાથ ઊંચો કરી કહ્યું, 'હાય રોહન'.

'હાય' કહી રોહન ત્રણે સામે હસ્યો. યશ અને તનુએ રોહનને બોલાવ્યો એ નીલને જરા પણ ન ગમ્યું. પાઠક સર આવતાં જ બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. બધાએ ચોપડી કાઢી. નીલે એની બેગમાં જોયું તો ચોપડી ન દેખાઈ. એણે બે-ત્રણ વાર બેગ ફંફોળી કાઢી પણ ચોપડી ન મળી.

એણે યશને કહ્યું, 'યશ, ચોપડી વચ્ચે રાખને, હું ભૂલી ગયો છું.'

યશે ચોપડી વચ્ચે રાખી. ભણાવતાં ભણાવતાં પાઠક સરની નજર આ બન્ને પર પડી.

એમણે પૂછયું, 'કોણ ચોપડી નથી લાવ્યું?'

નીલે ઊભા થઈને કહ્યું, 'સર, હું ભૂલી ગયો છું'

સરે કડક અવાજે આખા કલાસ સામે જોઈને કહ્યું, 'મને કોઈપણ વિદ્યાર્થી ચોપડી વગર નહીં જોઈએ. હું નહીં ચલાવી લઉં.'

નીલ વીલા મોઢે બેસી ગયો. સરે ભણાવવાનું ચાલુ રાખ્યું. સર ભણાવતાં ભણાવતાં જે પ્રશ્ન પૂછે, રોહન એનો તુરંત જવાબ આપતો. સર અને આખો કલાસ એનાથી પ્રભાવિત થઈ ગયા. એક પ્રશ્નમાં નીલે જવાબ આપ્યો.

સરે 'ના'માં માથું હલાવતા કહ્યું, 'ના, આ સાચો જવાબ નથી. બીજું કોણ કહેશે ?'

આખો કલાસ ચૂપ હતો. કોઈને જવાબ આવડતો ન હતો. એટલામાં રોહને જવાબ આપ્યો.

સરે ખુશ થતાં કહ્યું, 'કરેકટ, રોહને સાચો જવાબ આપ્યો છે.'

બધા રોહનની વાહ-વાહ કરતા હતા. નીલે ગુસ્સામાં જોરથી

એની મુઠ્ઠી બેન્ચ પર પછાડી.

કલાસ પૂરો થતાં બધા રોહનને ઘેરી વળ્યા અને જાતજાતનું પૂછવા લાગ્યા, 'રોહન, તું ઘરેથી ભણીને આવે છે ? રોહન, તેં ટ્યુશન રાખ્યું છે ? રોહન, તું અમને શીખવાડીશ ?' વગેરે પ્રશ્નો વચ્ચે રોહન ઘેરાઈ ગયો. યશ અને તનુ પણ રોહન પાસે પહોંચી ગયા. રોહન ખુશીખુશી બધાની સાથે વાતો કરવા લાગ્યો. નીલ પોતાની બેન્ચ પર એકલો બેસી રહ્યો. એનાથી આ જોવાતું ન હતું.

એક પછી એક દિવસો પસાર થતાં ગયાં. રોહન બધા જ વિષયોમાં હોંશિયાર હતો. એટલું જ નહીં, રમત-ગમતમાં પણ એ ચેમ્પિયન નીકળ્યો. ખો-ખો અને કબડ્ડી જેવી રમતોમાં તો કોઈ એને હરાવી શકતું નહીં. ધીમે ધીમે રોહન આખી સ્કૂલમાં પ્રખ્યાત થઈ ગયો. બધા ટીચરોનો પણ એ માનીતો થઈ ગયો. નીલ, યશ અને તનુ જ્યારે ઘરે વાતો કરતાં ત્યારે ઘણીવાર રોહનની વાત થતી. તનુ કહેતી, 'રોહન શું હોંશિયાર છોકરો છે ! બધા પ્રશ્નોના જવાબ ફટ્ દઈને આપે છે.' આ સાંભળી નીલ બહુ ગુસ્સે થઈ જતો.

એવામાં એક દિવસ નીલને સ્કૂલમાં આવતા મોડું થઈ ગયું. એ દોડીને કલાસરૂમ તરફ જતો હતો. ઠેસ વાગતાં એ પડવા જેવો થઈ ગયો. એમાં એનો ધક્કો આગળ ચાલતા પાઠક સરને વાગ્યો. ધક્કો એવો જોરથી વાગ્યો કે પાઠક સર વાંકા જ વળી ગયા. એમના મોઢામાંથી નાની ચીસ નીકળી ગઈ. નીલે તરત સરને પકડી લીધા.

'સોરી, સોરી સર, વાગ્યું તો નથીને ?' નીલે વિનયપૂર્વક પૂછ્યું.

નીલને જોઈને પાઠક સર ખરા સમસમી ગયા. એમણે નીલને જોરથી વઢી નાંખ્યું, 'શાંતિથી ચાલને, દોડાદોડ શું કરે છે.'


નીલ ચૂપચાપ સરની પાછળ ચાલવા લાગ્યો અને કલાસમાં આવી પોતાની જગ્યા પર બેસી ગયો. બધાએ નોટબુક અને ચોપડી કાઢી. મોનિટર બધાનું હોમવર્ક ચેક કરવા લાગ્યો. નીલે એની બેગમાં જોયું તો નોટબુક ન હતી. એને યાદ આવ્યું કે ગઈકાલે હોમવર્ક કરીને નોટબુક ટેબલ પર મૂકી હતી. આજે સવારે ઉતાવળમાં બેગમાં મૂકવાનું જ ભૂલી ગયો. મોનિટરે સરને નીલની ફરિયાદ કરી. આમે ય પહેલા દિવસથી સરની નીલ પર આકરી નજર હતી. એમાં આજે જોરથી એનો ધક્કો વાગ્યો અને ઉપરથી નોટ ભૂલી ગયો એટલે સરનો પિત્તો ગયો. 'નીલ, ઊભો થા

અહીંથી અને છેલ્લે રોહનની જગ્યા પર બેસી જા. અને રોહન, તું અહીં નીલની જગ્યાએ બેસ. આજથી તમારે આમ જ બેસવાનું છે.'

'સોરી સર' નીલ નરમ અવાજે બોલ્યો.

'સોરી-બોરી કંઈ નહીં. એકવાર કહ્યું એટલે કરી જ નાંખવાનું. મારે કંઈ સાંભળવું નથી.' સર હજી ગુસ્સામાં જ હતા.

નીલ ચૂપચાપ છેલ્લી બેન્ચ પર જવા ઉઠ્યો. 'સાલો ખડૂસ' એ મનમાં બબડ્યો. ધારદાર નજરે એણે સર સામે જોયું.



છેલ્લી બેન્ચ પર જતાં વચ્ચે રોહન સામો આવ્યો. નજીક આવતાં જ નીલ જરાક અટક્યો, રોહન સામે ખુન્નસથી જોયું અને તરત છેલ્લે જઈને બેસી ગયો. રોહન શાંતિથી યશની બાજુમાં બેસી ગયો. ◆



# ઈર્ષાનું બીજ

પાઠક સરે ભણાવવાનું ચાલુ કર્યું. નીલનું ધ્યાન ભણવામાં રહેતું જ ન હતું. એને સર અને રોહન બન્ને પર સખત ગુસ્સો આવતો હતો. જેવો પિરીયડ પૂરો થયો અને સર ગયા એવું બધા પાછળ વળી વળીને નીલને જોવા લાગ્યા. નીલને ખૂબ શરમ આવતી હતી. દરેક પિરીયડના ટીચરો નીલને છેલ્લે બેસવાનું કારણ પૂછતાં. આખો કલાસ એક સાથે જવાબ આપતો, 'પાઠક સરે એને છેલ્લે બેસાડ્યો છે.' પાઠક સરનું નામ આવતાં બધા ટીચરો ચૂપ થઈ જતાં. નીલને ભયંકર અપમાન લાગી રહ્યું હતું. જેવી સ્કુલ પૂરી થઈ કે નીલ યશ અને તનુની રાહ જોયા વગર ઘરે જવા દોડી ગયો. યશ અને તનુ 'સાંજે નીલના ઘરે જઈશું ' એમ નક્કી કરી પોતપોતાના ઘરે ગયા.

ઘરે પહોંચીને નીલ કંઈ પણ ખાધા પીધા વગર પોતાનાં રૂમમાં જઈ પલંગ પર આડો પડ્યો. એને પાઠક સર અને રોહનના જ વિચારો આવ્યા કરતા હતા. અત્યાર સુધી નીલ કલાસમાં પહેલો નંબર લાવતો હતો. બધા ટીચરો એનાથી ખૂબ ખુશ હતા. વિદ્યાર્થીઓ એની સામે માનથી જોતા. હોંશિયાર હોવાથી ટીચરો એના તોફાન ચલાવી લેતા, એને વઢતા નહીં. પણ જ્યારથી રોહન આવ્યો ત્યારથી એ બધાનો માનીતો થઈ ગયો. બધા એને માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. એના વખાણ કરવા લાગ્યા. આ બધું નીલના મગજમાં ચાલતું હતું ત્યાં અનુજ આવ્યો અને બોલ્યો, 'નીલ, તારી અંગ્રેજીની ચોપડી આપને, હમણાં થોડીવારમાં પાછી આપી જઉં છું.'

નીલે બેગમાંથી ચોપડી કાઢીને અનુજના હાથમાં મૂકી. ચોપડી જોઈને અનુજે નીલ સામે જોયું. નીલે પૂછ્યું, 'શું થયું ? કેમ આવી રીતે જુએ છે ?'

અનુજે ચોપડી બતાવતા કહ્યું, 'નીલ, મેં તારી પાસે કઈ ચોપડી માંગી ?'

'અંગ્રેજીની' નીલે જવાબ આપ્યો.

'તેં મને વિજ્ઞાનની ચોપડી આપી છે.' અનુજે કહ્યું.

'ઓહ સોરી!' એમ કહી નીલે બેગમાંથી અંગ્રેજીની ચોપડી કાઢી અને અનુજને આપી. ચોપડી લેતાં અનુજે નીલને પૂછ્યું, 'નીલ, તારો 'મૂડ' સારો નથી લાગતો. સ્કુલમાં કંઈ થયું

છે ? દરરોજ આ ટાઈમે તુ હોમવર્ક કરતો હોય. આજે તો તે હજી યુનિફોર્મ પણ નથી બદલ્યો .'

નીલે વાત ટાળતાં કહ્યું, 'ના રે ! એવું કંઈ નથી. આ તો જરા માથું દુ:ખે છે.'

અનુજે નીલને કહ્યું, 'નીલ, આજકાલ હું તને અકળાયેલો જ જોવું છું. આમાંથી નીકળવા માટે તું દાદા પાસે શકિત માંગે છે ?'

આ સાંભળી નીલને દાદા યાદ આવી ગયા. ક્રોધ, અપમાન, ઈર્ષા આ બધામાં દાદા તો ભૂલાઈ જ ગયા હતા. એણે અનુજને કહ્યું, 'ના, હવેથી માંગીશ.' અનુજ ચોપડી લઈને ઘરે ગયો.

નીલના મગજમાં હવે દાદા આવવા લાગ્યા. એમનું હાસ્ય, એમનો પ્રેમ, આ બધું નીલને યાદ આવવા લાગ્યું.

નીલે પાઠક સર અને



રોહનના પ્રતિક્રમણ કર્યા. એને થોડી હળવાશ લાગી. એ સૂઈ ગયો.

સાંજ પડતાં યશ અને તનુ આવી પહોંચ્યા. નીલ હજી સૂતો જ હતો. બન્નેએ નીલને ઉઠાડ્યો. નીલ બેઠો થયો. યશ અને તનુને તો એમ કે નીલની હાલત ખરાબ હશે, એને બહુ આશ્વાસન આપવું પડશે. પણ નીલ સ્વસ્થ હતો. ત્રણેય પલંગ પર બેઠાં બેઠાં જ વાતોએ વળગ્યા.

બીજા દિવસે કલાસમાં દાખલ થતાં જ નીલે રોહનને પોતાની જગ્યા પર બેઠેલો જોયો. એક મિનિટ માટે એને ખટક્યું પણ તરત એ સ્વસ્થ થઈ ગયો. યશ રોહન સામે હસી એની બાજુમાં બેસી ગયો. નીલે પહેલી વખત હસીને રોહનને 'હાય રોહન' કર્યું.

'હાય નીલ' કહી રોહન પણ સામે હસ્યો. નીલ છેલ્લે જઈ પોતાની જગ્યા પર બેસી ગયો. રીસેસમાં ત્રણેય નાસ્તો કરતા હતા ત્યારે રોહન એમની સાથે જોડાયો. નાસ્તો કરતા કરતા તનુએ ગણિતની ચોપડી કાઢી અને બોલી,'આ દાખલો મને સમજાતો નથી. ચોપડી માણે મારો જવાબ આવતો જ નથી. કહે ને, કેવી રીતે કરવાનો છે.' કહી એણે ચોપડી ધરી.

નીલ ચોપડી લેવા જતો હતો ત્યાં તો એણે ચોપડી રોહનની સામે આપી. રોહને ચોપડી લઈ દાખલો સમજાવવા માંડ્યો. નીલનો હાથ લંબાયેલો જ રહી ગયો. રોહન દાખલો સમજાવતો હતો ત્યારે એ સાંભળી આજુબાજુ બેઠેલા અમુક વિદ્યાર્થીઓ પણ આવીને એ સમજવા બેસી ગયા. બધાએ રોહનને ઘેરી લીધો. નીલ છેટો રહી ગયો. નીલ પાછો અંદરને અંદર સમસમી ગયો. એ ત્યાંથી ઉભો થઈને જતો રહ્યો. એને ધીમે ધીમે પાઠક સર માટે અભાવ થતો ગયો અને રોહન પ્રત્યે સ્પર્ધા ઉભી થવા લાગી. એણે બધી રીતે રોહનથી આગળ આવવાનો નિશ્ચય કર્યો.

બીજા દિવસથી નીલે આગળ આગળનું ભણવાનું શરૂ કરી નાખ્યું. સાથે સાથે જોગીંગ અને કસરત પણ ચાલુ કરી નાખ્યા. બધા રમતા હોય ત્યારે નીલ એકલો એકલો કસરત અને જોગીંગ કરતો હોય. જમવાના ટાઈમે હોમવર્ક કરવા બેસે. પાછળથી એને ભૂખ લાગે ત્યારે નાસ્તો કરી લે. બધા સૂઈ જાય ત્યારે એ ભણતો હોય. સ્કુલમાં એને ઉંઘ આવે. ચાલુ કલાસે ઉંઘવાના કારણે એને વઢ પડવા લાગી. વધુ પડતા શ્રમના કારણે એ થાકેલો રહેતો. ટીચર એને કોઈ પ્રશ્ન પૂછે તો વાંચેલું હોવા છતાં એ જવાબ ન આપી શકતો. જોગીંગ અને

કસરતના કારણે એના પગ સખત દુ:ખતા. આના કારણે એ રમતગમતમાં પણ આઉટ થઈ જતો. આમ રોહનથી આગળ આવવાની બદલે એ વધુને વધુ પાછો પડતો ગયો. એનો સ્વભાવ ચીડચીડિયો થઈ ગયો. શું કરવું એ એને ખબર જ પડતી ન હતી.

એવામાં સેમીસ્ટર પરીક્ષા નજીક આવી ગઈ. બધા પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા. નીલ પણ પરીક્ષાની તૈયારીમાં પડી ગયો. પણ ઈર્ષા અને સ્પર્ધાની જ્વાળામાં એ એવો ફસાઈ ગયો હતો કે ભણવામાં એની એકાગ્રતા જ ન હતી. ક્યારેક તો એ નકારાત્મક વિચારોમાં પડી જતો કે 'હું ફેઈલ થઈ જઈશ. મને કંઈ જ યાદ નથી રહેતું.' બહુ જ નાસીપાસ થઈ જાય ત્યારે એ બે-ત્રણ પિક્ચર જોઈ લેતો. નીલના મમ્મી-પપ્પા નીલમાં અચાનક આવેલા આ વિચિત્ર ફેરફારને જોઈને ચિંતીત હતા. એને



કંઈ પણ પૂછવા જાય તો એ ગુસ્સે થઈ જતો તેથી એને પૂછવાની હિંમત કરતા નહીં પણ ભગવાનને પ્રાર્થના કરતા.


પરીક્ષાના દિવસો શરૂ થયા. કલાસમાં બધા એકબીજાને હાથનો અંગૂઠો ઉંચો કરી કરીને 'બેસ્ટ ઓફ લક' કહી રહ્યા હતા. રોહને નીલને 'ઓલ ધ બેસ્ટ' કહ્યું. નીલે અતિશય ગુસ્સા સાથે રોહન સામે જોયું અને જવાબ આપ્યા વગર પોતાની જગ્યા પર જઈને બેસી ગયો. એક પછી એક બધા વિષયોની પરીક્ષા પુરી થઈ. છેલ્લા દિવસે બધા હળવાશ અનુભવતાં હતાં. નીલને ક્યાંય ચેન પડતું ન હતું. એ તો 'આ વખતે રોહનથી આગળ આવીને જ રહીશ' એ જ બળતરામાં હતો. બળતરામાં ને બળતરામાં એ પલંગમાં પડ્યો ને સૂઈ ગયો.



# સ્પર્ધા

આજે સ્કૂલમાં દોડવાની ઈન્ટરકલાસ હરિફાઈ હતી. આ હરિફાઈમાં જે જીતે એ ઈન્ટરસ્કૂલ હરિફાઈમાં જોડાઈ શકે. ઘણાએ ભાગ લીધો હતો. નીલ અને રોહન પણ હતા.

ગ્રાઉન્ડ પર દોડવાના પટ્ટા દોરાઈ ચૂકયા હતા. એકબાજુ બધા વિદ્યાર્થીઓ હરિફાઈ જોવા ગોઠવાઈ ગયા હતા. એક સ્પોર્ટસ ટીચર રેફ્રી તરીકે હરિફાઈ ચાલુ થવાની જગ્યાએ અને બીજા ટીચર પૂરી થવાની જગ્યાએ કેપ અને વ્હીસલ લઈ ઊભા રહી ગયા હતા. ભાગ લેનારાઓએ પોતપોતાની જગ્યા લઈ લીધી હતી. ભાગ લેનારાઓમાંથી કોઈ બેઠક કરી રહ્યું હતું, કોઈ કસરત કરી રહ્યું હતું, કોઈ જગ્યા પર જ જોગીંગ કરી રહ્યું હતું તો કોઈ હવામાં બોકસીંગ કરી રહ્યું.



હતું. જાણે બધા જ હરિફાઈ જીતવા માટે કટિબદ્ધ હતા. જોનારામાંથી બધા પોતપોતાના માનીતા ખેલાડીને હાથ ઊંચો કરી કરીને 'બેસ્ટ લક' કરી રહ્યા હતા.

હરિફાઈ ચાલુ થવાને થોડી જ ક્ષણોની વાર હતી. રેફ્રી ટીચરે સાવધાનની વ્હીસલ મારી દીધી હતી. બધા જ દોડવાની તૈયારીમાં આવી ગયા હતા. ત્યાં તો ટીચરે દોડવા માટેની મોટી વ્હીસલ મારી. એક સાથે બધા ખેલાડીઓ ભાગ્યા. શરૂઆતમાં બધા એક લેવલ પર હતા. પછી ધીમે ધીમે બધા આગળ પાછળ થવા લાગ્યા. નીલ અને રોહન ધીમે ધીમે બધાથી ઘણા આગળ નીકળી ગયા. જોનારાઓમાંથી સીટી પર સીટીઓ વાગતી હતી. ઘણા 'કમ ઓન રોહન' બોલીને રોહનનો ઉત્સાહ વધારતા હતા તો ઘણા નીલના નામની બૂમો પાડી એને પ્રોત્સાહન આપતા હતા. હરિફાઈ ખરેખરી જામી હતી. ક્યારેક રોહન નીલથી આગળ જતો તો ક્યારેક નીલ રોહનથી આગળ થઈ જતો. કોણ પહેલું આવશે એ કળવું મુશ્કેલ હતું.

નીલને હવે થાક લાગવા લાગ્યો. જેવો થાક લાગવાનો શરૂ થયો એવું એને 'હું હરિફાઈ હારી જઈશ' એવો ભય લાગવા લાગ્યો. હજી અડધું અંતર કાપવાનું બાકી હતું. હારી જવાના વિચારથી જ એને રોહનના કારણે થયેલા એક પછી એક બધા અપમાનો યાદ આવવા લાગ્યા. એને અંદર ખુન્નસ ભરાવા લાગ્યું. એની દોડવામાં ઝડપ વધી. આગળ વધેલા રોહનની એ નજીક જવા લાગ્યો. જોનારા હુરિયો બોલાવતા હતા. હવે નીલ રોહનની હારોહાર થઈ ગયો. નીલ રોહનથી થોડો આગળ થઈ ગયો. થોડી જ વારમાં રોહન નીલની સાથે થઈ ગયો. નીલને, રોહનને સાથે થયેલો જોઈ બહુ જ ગુસ્સો આવ્યો. એણે જોરથી રોહનને ધક્કો માર્યો અને આગળ નીકળી ગયો. રોહન ગબડી પડ્યો. જમીન સાથે ઘસાયો હોવાથી એને લોહી નીકળવા લાગ્યું. એ ઊઠી પણ શકતો ન હતો.

જોનારાઓને કે કોઈને અચાનક શું થઈ ગયું એ ખ્યાલ ન આવ્યો. નીલ છેક સુધી પહોંચી ગયો અને રેફ્રી ટીચરે નીલ જીતી ગયાની જોરથી વ્હીસલ વગાડી. જોનારાઓ બધા જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યા. નીલ જે માન માટે તરસી રહ્યો હતો એ એને આજે મળ્યું. એની છાતી ગજગજ ફૂલવા લાગી. બન્ને હાથ ઊંચા કરીને એ જોનારાઓના અભિવાદન ઝીલવા લાગ્યો. એટલી વારમાં બીજા ખેલાડીઓ પણ આવી ચૂક્યા. બધાએ નીલને અભિનંદન આપ્યા. નીલ બહુ જ ખુશ હતો. ત્યાં તો રોહન લંગડાતા પગે આવી પહોંચ્યો. રોહનને જોઈ



નીલ
જોરથી લુચ્ચું હસ્યો
અને ત્યાંથી ચાલ્યો ગયો.
રોહનને બહુ જ દુ:ખ થયું. હકીકત તો ફક્ત રોહન અને નીલ બે જ જાણતા હતા.

બધા છોકરાઓ નીલને ઊંચકીને નાચતા નાચતા લઈ ગયા. નીલને આજે આખી દુનિયાનું રાજ મળ્યું હોય એવો આનંદ થયો. રોહનને પાછો પાડ્યો એની એને ઠંડક થતી હતી. યશ અને તનુ પણ ખુશ હતા. એમને રોહન માટે સહાનુભૂતિ પણ હતી. આખરે તો રોહન એ બન્નેનો મિત્ર હતો.

એ સાંજે નીલે યશ, તનુ, અનુજ અને મીનુને પાર્ટી આપી. ખાતાં ખાતાં નીલ રોહન માટે જેમ તેમ બોલવા લાગ્યો અને એને ઉતારી પાડી જોર જોરથી હસવા લાગ્યો. ચારેયને નીલનું આ વર્તન જરા પણ ન ગમ્યું. પાર્ટી પૂરી કરી બધા ઘરે ગયા.

અનુજ અને મીનુ આજે નીલને જોઈને અવાચક્ જ થઈ ગયા હતા. મીનુએ અનુજને કહ્યું, 'અનુજ, નીલ ખોટા રસ્તે જઈ રહ્યો છે. આપણે એને રોકવો જોઈએ.'

અનુજે ચિંતીત અવાજે કહ્યું, 'સાચી વાત છે. હું પણ એ જ વિચારું છું કે આપણે એની માટે શું કરી શકીએ? મને લાગે છે કે આપણે દાદાને પ્રાર્થના કરીએ.'

મીનુ અનુજ સાથે સહમત થઈ. બન્ને જણા દાદાને પ્રાર્થના કરવા બેઠા, 'હે દાદા ભગવાન, નીલને સદ્બુદ્ધિ આપો અને એને ઊંધા રસ્તેથી પાછા વળવાની શક્તિ આપો.' પ્રાર્થના કરી બંને પોતપોતાના કામમાં પરોવાઈ ગયા.

આ બાજુ યશ અને તનુ પણ નીલથી નારાજ હતા. નીલ માટે તેમને હવે અભાવ થવા લાગ્યો. પણ ઘણા વર્ષોની મિત્રતાના કારણે નીલને છોડી નહોતા શકતા.

થોડા દિવસ સુધી નીલને સ્કૂલમાં બધા ટીચરો અને વિદ્યાર્થીઓ દ્વારા અભિનંદન મળવાનું ચાલુ રહ્યું. નીલ તો જાણે હવામાં જ ઊડતો હતો. હવે એને પરીક્ષાના રીઝલ્ટની રાહ હતી. એમાં હવે એનો રોહનથી



આગળ નંબર આવી જાય એટલે બસ !

આખરે રીઝલ્ટનો દિવસ આવી પહોંચ્યો. નીલ આજે સ્કૂલમાં પહોંચવા તત્પર હતો. ઝડપથી તૈયાર થઈ એ સ્કૂલમાં પહોંચ્યો. બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. પ્રાર્થના પૂરી થયા બાદ પાઠક સર બધાના એક પછી એક રીઝલ્ટ બોલતા ગયા અને આપતા ગયા. એમાં રોહનનો નંબર આવ્યો. પાઠક સરે ખુશ થતાં કહ્યું, 'રોહનના ૮૫ુ આવ્યા છે.' એમ કહી રોહનને રીઝલ્ટ આપ્યું. રોહનું રીઝલ્ટ સાંભળી નીલ એકદમ ખુશ થઈ ગયો કે 'મારો પહેલો નંબર પાકો. મારા ૯૦ુ તો આવવાના જ છે.' એમ ખુશ થતો થતો એ એના રીઝલ્ટની રાહ જોઈ રહ્યો હતો. ત્યાં તો એનો નંબર બોલાયો. નીલ છાતી ફુલાવીને ઊભો થયો.

સરે કહ્યું, 'નીલ ફેઈલ થયો છે.'

નીલથી બૂમ પડાઈ ગઈ, 'ફેઈલ ?'

અને નીલને ચક્કર આવી ગયા. એ જમીન પર પટકાઈ ગયો. •



# અણસમજણનું પરિણામ

આંખો ખૂલી ત્યારે નીલ પોતાના રૂમના પલંગ પર હતો અને ૧૦૨ ડીગ્રી તાવ હતો. અનુજ માથે પાણીના પોતા મૂકી રહ્યો હતો એના મમ્મી રશ્મિબેન એની માટે રાબ બનાવી રહ્યા હતા. અનુજ નીલ સામે ખૂબ પ્રેમથી હસ્યો અને માથે હાથ મૂકી બોલ્યો, 'કેમ છે નીલ, સારું લાગે છે હવે ?' નીલ કંઈ જવાબ આપી ન શકયો. અનુજે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલતા બોલતાં પોતા મૂકવાનું ચાલુ રાખ્યું. થોડી વારમાં યશ ડૉકટરે કહેલી દવા લઈને આવ્યો. રશ્મિબેન રાબ બનાવીને લઈ આવ્યા.

'નીલ બેટા, ઊભો થા, ચલ રાબ પી લે.' રશ્મિબેને પ્રેમથી કહ્યું.

નીલ અનુજનો ટેકો લઈ બેઠો થયો. રશ્મિબેને ગરમ ગરમ રાબ રકાબીમાં ઠારી. ચમચીથી નીલને પીવડાવતા ગયા. પીવડાવતા પીવડાવતા એમની નજર રૂમમાં ફરી.

એ બોલ્યા, 'અરે અનુજ, નીલનો પેલો નવો ફ્રેન્ડ આવ્યો હતો એ કયાં ગયો ?'

અનુજે જવાબ આપ્યો, 'એ ગયો આન્ટી.'

આ સાંભળી નીલ ચોંકી ઉઠ્યો,' 'નવો મિત્ર ?' એણે આશ્ચર્ય સાથે અનુજ અને પછી યશ સામે જોયું.

'રોહન આવ્યો હતો' યશે જવાબ આપ્યો. એણે કહેવાનું ચાલુ રાખ્યું, 'તને ચક્કર આવ્યા અને તું પડી ગયો. ત્યાર બાદ તને ટેક્ષીમાં ઘરે લઈ આવતી વખતે એ મારી સાથે આવ્યો હતો. ટેક્ષીના પૈસા પણ એણે જ ચૂકવ્યા. દવા લેવા પણ અમે સાથે જ ગયા. દવા લીધા બાદ એ છૂટો પડ્યો. આ સાંભળી નીલને અંદર ઊંધું ચક્કર ચાલવા લાગ્યું. એ વિચારવા લાગ્યો, 'હરિફાઈ હારી ગયા બાદ મારી બોલબાલા થવા લાગી એ એનાથી સહન થઈ શકતું નથી તેથી આવું બધું કરીને એ પાછો બધામાં માનીતો થવા ફરે છે. પણ હું એ નહીં થવા દઉં. હું એનાથી કોઈ પણ બાબતમાં ઓછો નથી એ સાબિત કરીને જ રહીશ.'


ત્યાં તો રશ્મિબેને એના ખભે હાથ મૂકી એને હલાવ્યો, 'નીલ, કયાં ખોવાઈ ગયો ! રાબ ઠંડી થઈ રહી છે. પહેલા પી લે.'

નીલ હજી અપસેટ હતો. એણે રકાબી દૂર હડસેલતાં કહ્યું, 'બસ, હવે નથી પીવાતી.'

રશ્મિબેન એનું મોઢું લૂછી રસોડામાં ગયા. હવે રૂમમાં નીલ, અનુજ અને યશ ત્રણે એકલા પડ્યા. ત્રણે ચૂપ હતા. કોઈ કંઈ બોલતું ન હતું. અંતે અનુજે યશને કહ્યું, 'તું જમી આવ, હું નીલ પાસે બેઠો છું.'

'સારું' કહી યશ જમવા ગયો. નીલ ફરી પલંગમાં સૂતો. અનુજે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' કરતા કરતા પોતા મૂકવાનું ચાલુ કર્યું. નીલ આંખો મીંચીને સૂતો.

'અસીમ જય જયકાર' સાંભળતા સાંભળતા ફરી નીલ દાદામય થવા લાગ્યો. દાદા સાથે ગાળેલા પ્રસંગો એને યાદ આવવા લાગ્યા. પોતે આપેલું પ્રોમિસ યાદ આવ્યું. દાદાના કહ્યા પ્રમાણે રહેતો હતો ત્યારે એ કેટલો આનંદમાં હતો! આજે પોતે એ આનંદથી કેટલો દૂર થઈ ગયો છે! આખો દિવસ બળતરા, બળતરા ને બળતરા. એવું તે શું લૂંટાઈ ગયું છે કે આટલી બળતરા થઈ ગઈ છે! વિચારતાં વિચારતાં નીલની આંખો ભરાવા લાગી. એ મનોમન દાદાને પ્રાર્થના કરવા લાગ્યો, 'દાદા, હું તમારા કહ્યા પ્રમાણે બિલકુલ રહેતો નથી. તમને આપેલું પ્રોમિસ




પણ હું પાળતો નથી અને બધાને બહુ દુ:ખ આપું છું. મને માફ કરો.' આમ કહી એણે રોહનના પ્રતિક્રમણ ચાલુ કર્યા.

થોડીવાર કર્યા ત્યાં તો ફરી ઊંધું ચાલવા લાગ્યું, 'હું ફેઈલ થયો એમાં એને બહુ જ ખુશી થઈ છે. આ તો સારા દેખાવાનો ઢોંગ કરે છે બાકી એ ખૂબ રાજી છે. પાઠક સરનો ચમચો.' આમ એને રોહન પરથી પાઠક સર યાદ આવી ગયા. 'પાઠક સરે મને જાણી જોઈને બીજગણિતમાં ફેઈલ કર્યો છે. એમને પહેલા જ દિવસથી હું ખટકતો હતો અને રોહન જ વહાલો હતો. હું આગળ આવું એ એમને ગમતું જ ન હતું. ખડૂસ સર.'

નીલના પ્રતિક્રમણ અટકી ગયા. એણે આંખ ખોલી. અનુજ 'અસીમ જય જયકાર' કરતો પોતા મૂકતો હતો. અનુજના મોઢા પર ખૂબ શાંતિ હતી. નીલ વિચારવા લાગ્યો,'દાદા ભગવાનની શિબિર ભરીને આવ્યા ત્યારથી અનુજ અને મીનું કેટલા ડાહ્યા થઈ ગયા છે. ક્યારેય ઝઘડતા નથી અને બધા સાથે પ્રેમથી રહે છે. ભણવામાં પણ પહેલા કરતા સારું રીઝલ્ટ લાવતા થયા છે.' એણે અનુજને પૂછ્યું, 'અનુજ, તને ક્યારેય કોઈના પર ગુસ્સો નથી આવતો ?'

અનુજે જવાબ આપ્યો,''આવેને, પણ હું તરત દાદાને પ્રાર્થના કરું કે મારે આ બધામાં નથી પડવું. મને બચાવો. રસ્તો દેખાડો. તો મને પુસ્તકમાંથી અથવા તો ટી.વી. પરના સત્સંગમાંથી અથવા સપનામાં આવીને દાદા મને માર્ગદર્શન આપી જાય છે. પહેલાં મીનુ સાથે મારા રોજ ઝઘડા થતા હતા. એક દિવસ કંટાળીને હું દાદાને પ્રાર્થના કરીને 'અથડામણ ટાળો'નું પુસ્તક સામે હતું તે ખોલ્યું તો એ પાના પર લખ્યું હતું કે,'જેમ તમે વાહન ચલાવતા હો અને સામેથી ફુલ સ્પીડમાં કોઈ ગાડી ચલાવતું આવતું હોય તો તમે ખસી જાવ કે એને ગાળ આપવા ઉભા રહો? ત્યાં ખસી જાવ છો, નહીં તો એક્સિડન્ટ (અકસ્માત) થઈ જાય. એવી જ રીતે કોઈ અથડાવા આવતું હોય ત્યારે તમારે ખસી જઈને અથડામણ ટાળવી.' એ દિવસથી મેં આ ચાવી મીનુ સાથે વાપરવાની ચાલુ કરી દીધી. ત્યારથી મારા મીનુ સાથેના ઝઘડા ઓછા થતા થતા બંધ થઈ ગયા. તું પણ દાદાને પ્રાર્થના કર. દાદા તને ચોક્કસ મદદ કરશે. સાચા હૃદયથી કરેલી પ્રાર્થના ક્યારેય નકામી જતી નથી.''



નીલને અનુજની વાત ગમી. આમેય એ વારંવારના તિરસ્કાર, દ્વેષ, અભાવ, ઈર્ષા, સ્પર્ધા વગેરેથી કંટાળી તો ગયો જ હતો. થાકી પણ ગયો હતો. અત્યાર સુધી એણે પોતાની મેળે એમાંથી નીકળવાના પ્રયત્નો કર્યા તો હતા જ. દાદાને પ્રાર્થના પણ કરી હતી પણ પરિણામ આવતું ન હતું. અનુજની વાત સાંભળી એને દિલથી દાદાને પ્રાર્થના કરવાની દૃઢતા આવી.

એના મોઢા પરના ફેરફાર જોઈને અનુજે પણ એને હિંમત આપતા કહ્યું, 'નીલ, આ બધામાંથી બહાર નીકળી જા. આમાં જરાય મજા નથી.' કહી એણે નીલના હાથ પર હાથ મૂકયો.

નીલે અનુજનો હાથ પકડી કહ્યું, 'ચોક્કસ અનુજ. હું આજે જ દાદાને પ્રાર્થના કરીશ.'

આખો દિવસ પોતા મૂકવાથી અને દવાના કારણે નીલનો તાવ ઓછો થવા લાગ્યો. રાત પડતાં એને સારું લાગવા લાગ્યું. અનુજે કહ્યું ત્યારથી નીલે દાદાને પ્રાર્થના કરવાની ચાલુ તો કરી જ દીધી હતી. રાત પડતાં તો એના હૃદયમાં 'દાદા દાદા' થઈ ગયું. જાણે દાદાનો વિરહ એનાથી સહેવાતો ન હોય. 'દાદા અહીં હોત તો કેટલું સારું હોત.' એ વિચારવા લાગ્યો. રાત્રે થોડા મગ-ભાત ખાઈ નીલ સૂતો.

એણે આંખો બંધ કરી. એને દાદા દેખાવા લાગ્યા. દાદાનું હસતું આનંદમય, પ્રેમાળ મોઢું નીલની આંખમાં તરવરી ઉઠ્યું. એને દાદાનું ખેંચાણ ચાલુ થઈ ગયું. એને દાદાને વળગીને ખૂબ રડવાનું મન થતું હતું. એણે બે હાથ જોડી દાદાને પ્રાર્થના કરતાં કહ્યું, 'દાદા હું ભયંકર ભૂલો રૂપી કાદવમાં ફસાઈ ગયો છું અને કોઈ રીતે બહાર નીકળી શકતો નથી. મને બહાર કાઢો. મારે ચોખ્ખા થવું છે. તમારા જેવા પ્રેમવાળા થવું છે. મારે કોઈને દુઃખ નથી આપવું. પાઠક સર અને રોહન માટે મને શું થઈ ગયું છે ખબર નથી પણ એ બન્નેને હું જોઉં છું અને મને ગુસ્સો આવે છે. દુઃખ નહીં આપવાનું હું ભૂલી જઉં છું અને ભયંકર ખુન્નસ આવી જાય છે.'

આમ કહી નીલ દાદા સાથે જાણે પ્રત્યક્ષમાં વાતો કરતો હોય એમ સ્કુલના પહેલા દિવસથી આજ સુધી શું શું થયું એ બધું વિગતવાર કહ્યું. એની આંખમાંથી આંસુ નીકળી રહ્યા હતા. એણે છેલ્લે કહ્યું, 'મને મારી એક એક ભૂલો દેખાડો અને બહાર નીકળવાનો ઉપાય દેખાડો. હું ચોક્કસ આપના દેખાડ્યા પ્રમાણે કરીશ. પ્લીઝ મને મદદ કરો.' આટલું કહી એ

બંને હાથ મોઢા પર દાબી કોઈ સાંભળે નહીં એ રીતે ડૂસકાં ભરવા લાગ્યો. રડતાં રડતાં જ એની આંખ મીંચાઈ ગઈ. •



# અદ્ભૂત સ્વપ્ન

થોડી જ વારમાં નીલ ઘસઘસાટ સૂઈ ગયો. ઊંઘમાં એને સપનું આવ્યું. સપનામાં એને દાદા દેખાય છે. દાદાએ સફેદ પહેરણ અને ધોતિયું પહેર્યું હોય છે. બપોરનો સમય છે. દાદા જમ્યા પછી પલંગ પર બેઠા બેઠા ટૂથપીકથી દાંત ખોતરતા હોય છે. દાદા હંમેશની માફક ફ્રેશ અને આનંદમાં દેખાય છે. પોતે દાદા પાસે પહોંચે છે. દાદાને 'જય સચ્ચિદાનંદ' કરી અંગૂઠે વિધિ કરે છે. પોતે અતિશય અપસેટ હોય છે. દાદા પ્રેમથી પૂછે છે, 'બધું બરાબર ચાલે છે?'

નીલ કહે છે, 'ના દાદા, હું બહુ જ મૂંઝાયેલો છું.'

એમ કહી નીલ દાદાને સ્કૂલના પહેલા દિવસથી અત્યાર સુધીની બધી વાત કરે છે. દાદા શાંતિથી અને એકાગ્રતાથી નીલની આખી વાત સાંભળે છે. વાત પૂરી કરતા નીલ કહે છે, 'દાદા, મને પાઠક સર માટે ખૂબ ગુસ્સો છે. મને એમનું મોઢું જોવાનું ગમતું નથી. સરખું ભણાવતા નથી અને ખૂબ હોમવર્ક આપે છે. જે હોંશિયાર હોય એની સામે જોઈને જ ભણાવે. બીજા બધા પ્રત્યે ધ્યાન જ ન આપે. રોહન એમને દાખલો બીજીવાર સમજાવવાનું કહે તો હોંશે હોંશે સમજાવે અને હું કહું તો મને વઢી નાંખે. બહુ પક્ષપાતી છે.' નીલ એકીશ્વાસે સરની ફરિયાદ કર્યે જતો હતો. દાદા શાંતિથી નીલને જોતા હતા. નીલની વાત પૂરી થઈ છતાં દાદા કંઈ ન બોલ્યા. બે મિનિટ પછી દાદાએ નીલને કહ્યું, 'નીલ, તું અહીં પહેલે માળે મને મળવા કેવી રીતે આવ્યો ?'

નીલે તરત જવાબ આપ્યો, 'પગથિયાં ચઢીને.'

દાદાએ કહ્યું, 'અમુક પગથિયાં થોડા ઘસાઈ ગયા છે તો પણ તે વાંધો ન ઉઠાવ્યો ?'

નીલે કહ્યું, 'ના દાદા, પગથિયાં તો આપણને ઉપર સુધી પહોંચાડે છે.'

દાદાએ આગળ પૂછયું, 'પછી પગથિયાં કલર તને ન ગમે તો ?'

નીલે કહ્યું, 'એ બધું જોવાનું જ ન હોય.'

દાદાએ કહ્યું, 'પગથિયાં તને ઉપર સુધી પહોંચાડે છે તો એનો ઉપકાર નહીં ?'

નીલે જવાબ આપ્યો, 'ઉપકાર તો ખરો જ ને, દાદા.'

દાદાએ તક ઝડપી લેતા કહ્યું, 'બસ, એ જ રીતે ગુરૂ આપણું

ઘડતર કરે છે. વ્યવહારમાં આપણને ઉપર ચડાવે છે. ગમ્મે એટલો ગુસ્સો કરતાં હોય પણ એ આપણી પ્રગતિ જ કરાવે છે. સમાજમાં ઊભા રહેવા લાયક બનાવે છે. ગુરૂ જેવા હોય એવા, એ આપણા માટે હંમેશા પૂજ્ય જ ગણાય. એમનો અવિનય કરીએ તો એમના થકી આપણને જેટલું જ્ઞાન પ્રાપ્ત થયું હોય એ બધું ધોવાઈ જાય. એમની મશ્કરી ક્યારેય ન કરાય. તું કરે છે ને એમની મશ્કરી ?'



નીલે 'હા' કહી માથું હલાવતાં કહ્યું, 'હું એમને 'ખડૂસ સર' કહીને ખૂબ ચીડવું છું. પણ હું એકલો જ નહીં, આખી સ્કૂલ એમને 'ખડૂસ સર' કહીને બોલાવે છે.'

દાદાએ કડક અવાજે કહ્યું, 'બીજા શું કહે છે એ આપણે નહીં જોવાનું. આપણે આપણું સુધારો.'

નીલ ચૂપ થઈ ગયો. પહેલીવાર એણે દાદાનો કડક અવાજ સાંભળ્યો.

દાદાએ કહેવાનું ચાલુ રાખ્યું, 'અને હોંશિયાર છોકરા તરફ એ રાજી રહે એ તો સીધી

વાત છે. એવું જ હોય. તું તારા મમ્મી-પપ્પામાંથી, જે તારા કહેવા પ્રમાણે કરતા હોય એના પર વધુ ખુશ હોય કે તારું માનતા ન હોય એના પર?'

નીલે કહ્યું, 'બધું મારું કહ્યું કરતાં હોય એના પર. પપ્પા બધું મારું માને તેથી મને મમ્મી કરતા પપ્પા વધારે ગમે.'

દાદાએ નીલને પૂછયું, 'તો શું તું મમ્મી પ્રત્યે પક્ષપાત કરે છે ? ના. આ સહજ સ્વભાવ છે. એ રીતે જે વિદ્યાર્થી ટીચરના કહ્યા પ્રમાણે કરે, બધું હોમવર્ક કરી આવે, વાંચી આવે એના પર ટીચરની કૃપા ઉતરે જ. એ એના પર રાજી હોય જ. પણ જેથી કરીને બીજા માટે એમને પક્ષપાત નથી. આવું ક્યારેય વિચારીશ નહીં .'

નીલ એકીટશે દાદા સામે જોઈ રહ્યો.

દાદાએ સમજાવવાનું ચાલુ રાખ્યું, 'કૃપા અને રાજીપાનું વહેણ જેમ ઉપરથી નીચે તરફ વહે એમ જ્ઞાનનું વહેણ પણ ઉપરથી નીચે તરફ વહે. આપણે હંમેશા નીચા એટલે કે ટીચરના વિનયમાં રહેવું એટલે જ્ઞાનનો ધોધ આપણા તરફ વહ્યા જ કરે. આપણી સંસ્કૃતિ તો શું કહે છે કે જે ગુરૂનો વિનય કરે, ગુરૂની સેવા કરે એને સુખ-શાંતિ બહાર ખોળવા જવું ન પડે.'
નીલ એકાગ્રતાથી બધું સાંભળતો હતો.

દાદાએ પલંગ પર લંબાવતા કહ્યું, 'અને સર તને જાણી જોઈને ફેઈલ કરે એવું તેવું કશું હોય નહીં. આ ક્યાંથી બધું ઊંધું શીખી લાવ્યો છે ? આપણે સરખી મહેનત કરી ન હોય તો આપણે ફેઈલ થઈએ. આપણે પેપરમાં સારું લખ્યું હોય તો કોઈ આપણને ફેઈલ કરી શકે નહીં. એવી કોઈના હાથમાં સત્તા નથી. સમજાય છે તને ?'

નીલ તો દાદાનો સ્ટ્રોંગ અવાજ સાંભળતો જ રહી ગયો. એને આગળ શું બોલવું એ સમજાતું ન હતું. એ ચૂપ થઈને બેસી રહ્યો હતો. દાદા પણ ચૂપ થઈ ગયા. થોડીવાર રૂમમાં ચૂપકીદી છવાઈ ગઈ. નીલને અંદર ફફડ ફફડ થતું હતું. એને ઘરે જતા રહેવાનું મન થઈ ગયું. પણ એને આ બધી ફસામણમાંથી બહાર નીકળવું જ હતું. તેથી હિંમત એકઠી કરી એણે દાદાને પૂછયું, 'દાદા, રોહને તો મારું કંઈ બગાડ્યું નથી. છતાં એને જોઈને મને ગુસ્સો કેમ આવે છે ? એને માન મળે તો મને ગમતું કેમ નથી ?'

દાદા પડખું ફરીને સૂતાં. નીલની સામે જોઈને એમણે કહ્યું, 'ઈર્ષાના કારણે. તને એની ઈર્ષા

થાય છે. આ બધું અણસમજણનું જ પરિણામ છે. સૌને પોતપોતાના પુણ્યનું મળે છે. અત્યાર સુધી તને માન મળતું હતું એ તારા પુણ્યનું તને મળતું હતું. એને જે માન મળે છે એ એના પુણ્યનું એને મળે છે. તું ગમે એટલા માથા ફોડે પણ એના પુણ્યમાં કોઈ પણ જાતનો ફેરફાર કરી શકે નહીં. એ એને મળીને જ રહે.'

દાદાનો અવાજ ફરી સ્ટ્રોંગ થતો જતો હતો. એમણે કહ્યું, 'એને મળે છે એ બધું મેળવવા તું એની સાથે સ્પર્ધામાં ઉતર્યો, તે એના જેટલું તારે દોડવું પડે. અને આપણી શક્તિ ઓછી તે આપણી શી દશા થઈ તે જોઈને ?'

નીલે ચૂપચાપ 'હા' કહી માથું હલાવ્યું.

દાદાએ કહ્યું, 'સ્પર્ધા તો 'હેલ્ધી' હોવી જોઈએ. 'હેલ્ધી' એટલે શું કે પોતે જીતે તો ય આનંદ હોય અને



સામો જીતે તો ય પોતાને આનંદ થાય. રમતી વખતે તો બંને 'જીતવું છે' કરીને જોર લગાવીને જ રમતા હોય પણ પછી પરિણામથી કોઈ દુઃખી ન હોય. બન્ને મિત્રોની જેમ હાથ મિલાવી છૂટા પડે. તે ક્રિકેટની મેચ ચાલતી હોય એમાં જોયેલું કે આવું ?'

નીલે હા પાડી.

દાદાએ કહ્યું, 'હા, એને હેલ્ધી કોમ્પિટીશન કહેવાય. એમાં જીતનારમાં જે આવડત છે એના માટે આપણને માન હોય. આવું હોય ત્યારે ધીમે ધીમે એ આવડત આપણમાં પણ કેળવાતી જાય. એને બદલે જો ઈર્ષા કરીએ અને એને પાડવાની કોશિશ કરીએ તો આપણામાં જેટલી આવડત હોય એ પણ ધોવાઈ જાય. એવો નિયમ છે.' બોલતાં બોલતાં દાદાની નજર નીલ પર જ હતી.

એમણે જોયું કે નીલ ઢીલો પડતો જાય છે. એટલે પછી તરત હિંમત આપતા કહ્યું, 'ફેઈલ થયા તો થયા. પણ હવે રડીને કયાં સુધી બેસી રહેવાનું ? નવેસરથી વાંચવાનું શરૂ કરી દેવાનું. આમ રડીને બેસી રહેવાથી તો આવી સાત વાર પરીક્ષા થશે તો ય ઠેકાણું નહીં પડે. માટે ફેઈલ થયા એ ભૂલી જવાનું અને નવેસરથી સરસ મજાનું ભણવાનું શરૂ કરી દે. આવ તને આશીર્વાદ આપીએ' કહી દાદાએ પગ પરથી શાલ દૂર કરી. નીલ અંગૂઠે નમ્યો. દાદાએ વિધિ કરી. વિધિ કર્યા બાદ દાદાએ એને હાર પહેરાવ્યો. એના માથા પર ખૂબ પ્રેમથી હાથ મૂક્યો. થોડીવાર મૂકી રાખ્યો. પછી એને થાબડ્યો. પછી 'જય સચ્ચિદાનંદ' બોલ્યા. નીલે માથું ઊંચકી દાદા સામે જોયું. દાદા એની સામે મીઠું હસ્યા.

દાદાએ પૂછયું, 'સારું લાગે છે હવે ?'

નીલે હસીને 'હા' કહી.

'હા' કહેતા જ નીલ જાગી ગયો. આજુબાજુ જોયું તો અંધારુંઘોર અને દાદા કયાંય ન હતા. એને ખ્યાલ આવ્યો કે પોતાને સપનામાં દાદાના દર્શન થયા હતા. નીલ ખૂબ ખુશ થઈ ગયો. પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. ઘણા સમય પછી દાદાના દર્શન થયા. દાદાથી વિખૂટા પડી ગયા પછી ફરી દાદાને મળી ગયો હોય એવો આનંદ એણે અનુભવ્યો. બંને હાથ જોડી એણે મનોમન દાદાને 'થેન્કસ' કહ્યું. દાદાએ કહેલી એક એક વાત યાદ કરતાં કરતાં એ સવાર થવાની રાહ જોતો હતો. •

# અલૌકિક પ્રાયશ્ચિત

સવાર થતાં જ નીલનો તાવ ગાયબ થઈ ગયો હતો. એને તાજગી આવી ગઈ હતી. એના મમ્મી- પપ્પા અને બંટી નીલને આટલો ફ્રેશ જોઈને નવાઈ પામ્યા અને ખુશ પણ થયા. નીલે બધાને એના સપનાની વાત કરી. ગજબની શકિત એનામાં પૂરાઈ હોય એવો એ અનુભવ કરી રહ્યો હતો. આજે તો રવિવારનો દિવસ, નાહી ધોઈને એણે અનુજને ફોન કરી ઘરે બોલાવ્યો. થોડીવારમાં અનુજ આવી પહોંચ્યો. તે દરમ્યાન એણે એના કલાસના બે-ત્રણ જણને ફોન કરીને રોહનના ઘરનું એડ્રેસ લઈ લીધું.

અનુજ આવ્યો કે તરત એણે અનુજનો હાથ પકડીને કહ્યું, 'અનુજ, મારે રોહનની માફી માંગવી છે. એના ઘરે જવું પડશે. તું ચાલ મારી સાથે.'

અનુજ નીલમાં આવેલા આ ફેરફારને જોઈને બહુ ખુશ થઈ ગયો. એ નીલને ખુશ જોઈ શકતો હતો. એ કંઈ પૂછવા જાય એ પહેલા નીલ એને ઘરની બહાર ખેંચી ગયો. બંને જણા નીચે જઈ રીક્ષામાં બેઠા. રસ્તામાં એણે અનુજને પોતાના સપનાની વાત કરી સાંભળતા સાંભળતા અનુજને દાદા માટે અહો અહો થવા લાગ્યું. અનુજને પોતાને તો દાદાના ઘણા અનુભવ થયા હતા. આજે અવળે રસ્તે જઈ ચડેલા નીલ પર દાદાએ કૃપા વરસાવી એને પાછો વાળ્યો એ માટે અનુજ પણ દાદાનો મનોમન ઉપકાર માની રહ્યો હતો.

રીક્ષા રોહનના બિલ્ડીંગ પાસે જઈને અટકી. પૈસા ચૂકવી બંને પૂછપૂરછ કરતાં કરતાં રોહનના ઘરે પહોંચ્યા. બેલ મારી બંને ઊભા રહ્યા. એક બેને દરવાજો ખોલ્યો. રોહનના મમ્મી હોવા જોઈએ એવું બંનેએ અનુમાન કર્યું. એના મમ્મી પણ બે અજાણ્યા છોકરાઓને જોઈને ત્યાં જ ઊભા રહી ગયા.

નીલે શરુઆત કરી, 'આન્ટી, રોહન છે ? હું એનો સ્કુલ ફ્રેન્ડ નીલ છું.' રોહનના મમ્મીના મોઢા પર હળવું હાસ્ય ફરક્યું. એણે બંનેને અંદર આવકારતા કહ્યું, 'રોહન બહાર ગયો છે. હમણા આવવો જ જોઈએ. બેસોને.' બંને સોફા પર બેઠા. રોહનના મમ્મી બંને માટે પાણી લઈ આવ્યા. પાણી પીવે છે ત્યાં તો ઘરની બેલ વાગી. રોહનની મમ્મીએ દરવાજો ખોલ્યો. જોયું તો રોહન હતો.

રોહનને જોઈને એની મમ્મી બોલી, 'તારો ફ્રેન્ડ નીલ આવ્યો છે.'

'નીલ ?' રોહનથી આશ્ચર્ય સાથે મોટા અવાજે બોલાઈ ગયું. એ ઉતાવળે અંદર આવ્યો.

રોહનને જોઈને નીલ ઊભો થઈ ગયો. નીલ ઊભો થયો એટલે અનુજ પણ ઊભો થયો.

નીલ અને રોહનની આંખો મળી. નીલની આંખોમાં શરમ હતી. હૃદયમાં પસ્તાવો હતો. રોહન ચૂપ હતો. નીલ બોલ્યો, 'આઈ એમ સોરી રોહન. મને માફ કરી દે. મેં તારી સાથે બહુ જ ખરાબ વર્તન કર્યું છે. તને બહુ દુ:ખ પહોંચાડ્યું છે. મારી જ ભૂલ છે. તારો કંઈ વાંક નથી. તું તો દર વખતે મારા માટે સારું જ ઈચ્છતો હતો. મેં જ દર વખતે ઊંધું લીધું છે અને તને હેરાન કર્યો છે. આજ પછી હું તારી સાથે આવું નહીં કરું.' નીલ ગદ્‌ગદ્‌ થઈ ગયો. એની આંખો અને અવાજ ભરાઈ ગયા. આંખો ઢાળી એ નીચું જોઈ ઊભો રહ્યો.

રોહન તો અચાનક શું થઈ ગયું એ સમજી જ ન શક્યો. એણે તરત નીલના ખભે હાથ મૂકી કહ્યું, 'નીલ, મને જરાય દુ:ખ થયું નથી. તું એનો ભાર રાખીશ જ નહીં. તું સાજો થઈ ગયો એ જ મારા માટે ખુશીની વાત છે.'

એમ કહી એ નીલને ભેટી પડ્યો. આ દૃશ્ય જોઈને રોહનના મમ્મી અને અનુજ બંને ગદ્‌ગદ્‌ થઈ ગયા.

રોહને એની મમ્મી સામે જોઈને



કહ્યું, 'મમ્મી, આ મારો બેસ્ટ ફ્રેન્ડ નીલ છે. અને આ અનુજ છે. એ પણ મારો ફ્રેન્ડ છે. બંને માટે નાસ્તો અને શરબત લઈ આવ.'

રોહનની મમ્મી ત્રણે માટે નાસ્તો લઈ આવી. ત્રણે જણાએ મળીને નાસ્તો કર્યો. નીલને ખૂબ હલકુ લાગતું હતું. નાસ્તો કર્યા પછી નીલ અને અનુજ ઘરે પાછા ફર્યા.

રસ્તામાં બંને જણા ચૂપ હતા. નીલ અનુભવતો હતો કે જેવી એણે રોહનની પ્રત્યક્ષમાં માફી માંગી કે તરત જ એનું મન રોહન માટે સાફ થઈ ગયું. બધા અભિપ્રાયો, દ્વેષ-ભાવ, ખુન્નસ બધું ઊડી ગયું. જાણે કંઈ બન્યું જ ન હોય એવું એને લાગવા લાગ્યું. આના પરથી એને માફી માંગવાનું મહત્વ સમજાઈ ગયું. એને થયું, 'અહોહો, પ્રત્યક્ષમાં માફી માંગવાનું પરિણામ આટલું સુંદર આવે છે એ મને ખબર જ ન હતી. મારે પાઠક સરની પણ પ્રત્યક્ષમાં માફી માંગી લેવી જોઈએ.' એણે પાઠક સરની માફી માંગવાનું નક્કી કર્યું. થોડી વારમાં પાછું એનું મન બદલાયું, 'માફી માંગીશ તો પણ સર મને વઢી નાખશે તો ? રોહનને તો પહેલેથી મારા માટે સારો ભાવ હતો તેથી એણે તો મને સાચવી લીધો પણ સરને તો પહેલેથી જ મારા પર ગુસ્સો છે. એ મને માફ કરશે ? એના કરતાં હું એમની મનોમન માફી. માંગી લઈશ.' આવું વિચારે છે ત્યાં એને અંદરથી જાણે દાદા પ્રેરણા આપતા હોય એવો અવાજ આવ્યો, 'ના નીલ, પ્રત્યક્ષમાં માફી માંગીને ચોખ્ખું કરી નાખ.' આ સાંભળી નીલને ફરી હિંમત આવી.

એણે અનુજને પૂછયું. 'અનુજ, તને તો ખબર છે પાઠક સર કેટલા ગુસ્સાવાળા છે. હું એમની માફી માંગુ તો એ મને માફ કરી દેશે ?'

અનુજે ખૂબ સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'માફી માંગવામાં તો ખૂબ શકિત છે. ભલભલા એની સામે પીગળી જાય. તું એ બધું વિચાર્યા વગર બસ એકવાર સાચા હૃદયથી એમની માફી માંગી લે.' આ સાંભળી નીલની હિંમતમાં વધારો થયો. એણે સરની માફી માંગવાનો દૃઢ નિશ્ચય કરી લીધો.

બીજા દિવસે સ્કૂલમાં જઈને નીલ સીધો સ્ટાફ રૂમમાં ગયો. પાઠક સર છાપું વાંચતા હતા. બીજા ટીચરો કલાસમાં જવાની તૈયારી કરતા હતા. નીલ જઈને સીધો સરના પગમાં પડી ગયો અને બોલ્યો, 'સર, મને માફ કરી દો. મેં તમારો ખૂબ અવિનય કર્યો છે. મનમાં ને મનમાં તમારા માટે ઘણા અપશબ્દો બોલ્યા છે. તમને 'ખડૂસ સર' કહીને ચીડવ્યા છે. આ બધી મારી ભૂલ છે. હું એના માટે તમારી માફી માંગું છું.' નીલ બોલતાં બોલતાં રડી જ પડ્યો.

પાઠક સર તો આ જોઈને તરત નીલને ઊભો કરી કહ્યું, 'અરે નીલ, તું આટલો બહાદુર છે એ




મને ખબર જ નહીં. માફી માંગવી એ મહાન બળવાનપણુ કહેવાય. આવું કહીને તો તે મારું દિલ જીતી લીધું છે. જે થઈ ગયું એ બધું ભૂલી જા. આજથી જ્યારે પણ તને મારી જરૂર પડે ત્યારે હું તારી માટે છું જ. તને ગણિતમાં એકદમ પાકો બનાવી દઈશ.'

જોનારા બધા ટીચરોએ તાળી પાડી નીલને ઝીલી લીધો. બધાએ નીલને આવું હિંમતભર્યું પગલું ભર્યા બદલ ખૂબ શાબાશી આપી.

સર નીલને લઈને કલાસમાં ગયા. કલાસમાં જઈને સરે બધાની સામે નીલની વાત કહી

સંભળાવી. બધાએ તાળીઓથી નીલને વધાવી લીધો. યશ, તનુ અને રોહન સૌથી જોરજોરથી તાળી પાડી રહ્યા હતા. આજે બધા જ ક્લાસમાં બધા ટીચરોએ નીલની જ વાત કરી હતી અને એના ખૂબ વખાણ કર્યા હતા. રીસેસ પડતાં જ આજુબાજુના ક્લાસમાંથી બધા ખાસ નીલને મળવા આવવા લાગ્યા અને એને શાબાશી આપવા લાગ્યા. નીલ આજે આખી સ્કૂલનો હીરો બની ગયો હતો. જે માન માટે નીલે આટલી ધમાલ કરી હતી એ માન આજે એને ભરપૂર મળી રહ્યું હતું. પણ આજે એને માન ફિક્કું લાગી રહ્યું હતું. માન કરતાં ભૂલમાંથી બહાર નીકળવાનો આનંદ કંઈ ઓર જ હતો. સુધરવામાં આટલો બધો આનંદ છે એવો એણે પહેલીવાર અનુભવ કર્યો.

સ્કુલ પૂરી કરી એ ઘરે ગયો. જમીને એ સૂતો. એને ખૂબ હલકું હલકું લાગી રહ્યું હતું. આજે એણે નિરાંતની ઊંઘ લીધી. •






**બાળવિજ્ઞાનની નવી ભેટ**

**વાંચ્યા જ કરો, ન ભરાય પેટ**

**નામ છે એનું 'અક્રમ એક્સપ્રેસ'**

ખાસ ૭ થી ૧૪ વર્ષના બાળકો માટેનું મેગેઝિન. જ્ઞાન અને ગમ્મતથી ભરપૂર ૧૨ પાના જેમાં છે પૂજ્ય દાદાશ્રીની સમજણો સરળ ભાષામાં. સાથે છે તમારી મનગમતી વાર્તાઓ, ગેમ્સ અને પઝલ્સ, તમારા ડ્રોઇંગ્સ, કવિતાઓ અને અનુભવો. પૂજ્યશ્રીની ઝાંખી અને સીમંધર સીટીમાં શું ચાલી રહ્યું છે એને તો કેમ ભૂલાય? - આ બધું જ તમારા ઘર આંગણે મેળવો, દર મહિને.

લવાજમ નીચે મુજબ છે.

| | ગુજરાતી માટે | | | | અંગ્રેજી માટે | | |
|---|---|---|---|---|---|---|---|
| | રુ. | ડૉલર | પાઉન્ડ | | રુ. | ડૉલર | પાઉન્ડ |
| વાર્ષિક | ૧૦૦ | ૧૦ | ૭ | | ૧૨૫ | ૧૦ | ૭ |
| ૫ વર્ષ માટ | ૪૫૦ | ૪૦ | ૨૫ | | ૫૫૦ | ૪૦ | ૨૫ |

ફોર્મ ભરીને નીચે આપેલા એડ્રેસ પર આપનું લવાજમ મોકલી આપશો.

## 'અક્રમ એક્સપ્રેસ'

બાળવિજ્ઞાન ડિપાર્ટમેન્ટ
દાદા દર્શન, ૫, મમતાપાર્ક સોસાયટી
નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા
અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત, ભારત

'અક્રમ એક્સપ્રેસ' નું લવાજમ kids.dadabhagwan.org પર ઑનલાઇન ભરી શકો છો.

નોટ: અંગ્રેજીમાં મેગેઝિન ઑક્ટોબર, ૨૦૦૮ થી ચાલુ થશે. લવાજમ ફોર્મ પાછળ આપેલું છે.

# અક્રમ એક્સપ્રેસ લવાજમ ફોર્મ

પુરું નામ: ______________________________

પિતાનુ પુરું નામ: ______________________________

જન્મ તારિખ: ______________________________

હાલનો દાદાવાણી નંબર: ______________________________

હાલનું સરનામુ: ______________________________

______________________________

શહેર: ______________ સ્ટેટ: ______________

દેશ: ______________ પીન કોડ: ______________

ઇ મેઇલ એડ્રેસ: ______________________________

ફોન નંબર: ______________________________

વાર્ષિક: ગુજરાતી ☐ અંગ્રેજી ☐

૫ વર્ષ માટે ગુજરાતી ☐ અંગ્રેજી ☐

પેમેન્ટની વિગત*:

રકમ: ______________________________

ડી.ડી./ પી.ઓ./ ચેક ન : __________ તારીખ: ________ બેન્કનું નામ: __________

*ગુજરાત સિવાયનાએ ડી.ડી. અથવા પી.ઓ. દ્વારા લવાજમ ભરવું.


ચેક/ ડી.ડી./ પી.ઓ. **'મહાવિદેહ ફાઉન્ડેશન'** ના નામે આપવાનો રહેશે.

# બાળવિજ્ઞાન



- Games
- Stories
- Articles
- Videos
- Kids' songs
- Drawing by kids
- Latest Updates
- And much much more...

Visit kids.dadabhagwan.org



પઝલ ફન



સ્ટોરી બુક



એક્ટીવીટી બુક



પીક્ચર બુક



પ્રસ્તુત દ્વિતિય સિરીઝમાં નીલનો ક્લાસ ટીચર
પ્રત્યનો અભાવ અને સ્કૂલ ફ્રેન્ડ સાથેની અથડામણો,
તેમના પ્રત્યેની ઈર્ષા અને સ્પર્ધાને દર્શાવવામાં આવ્યા છે.
આથી ભોગવવા પડેલા પરિણામોનું વર્ણન કરેલ છે.
જ્ઞાની પુરુષનો આશરો આમાંથી કઈ રીતે ઉગારે છે,
સારો મિત્ર આપણા જીવનમાં કેવો ભાગ ભજવી જાય છે
તથા માફી માંગવાના સુંદર પરિણામોનું પણ
હૃદયસ્પર્શી વર્ણન આમાં કરેલ છે.



Printed by Amba Offset : (079) 27542964, 30004823/24